## રુદ્રાભિષેક મંડળ દ્વારા આજથી ૭ દિવસનો અતિરુદ્ર યોજાશે

ગાંધીનગર, તા. ૩૦

રુદ્રાભિષેક મંડળ ગાંધીનગરના તા. ૩૧મી મેથી તા. ૬ જૂન સુધી ૭ દિવસનો અતિરુદ્ર પાઠાત્મક સેકટર-૧૬ બ્રહ્મ સમાજ ભવન ખાતે યોજવામાં આવેલ છે. અતિરુદ્રના મંડળના સભ્યો ઉપરાંત ગાંધીનગરના બ્રાહ્મણો કે જેમને રુદ્રી ભણવામાં સક્ષમતા હોય અને હાજર રહી યોગદાન આપવા ઈચ્છુક હોય તેઓએ મંડળના પ્રમુખ રવિન્દ્રભાઈ દવે, ઉપપ્રમુખ રમણીક વ્યાસ, મહામંત્રી બાબુભાઈ શર્માનો સંપર્ક કરવા જણાવેલ છે. ૯૪૨૮૦ ૧૭૭૯૫, ૯૯૦૪૧ ૬૩૩૫૫, ૯૮૨૫૨૫૬૦૨ સંપર્ક કરવો.

## નિ:શુલ્ક યોગ ધ્યાન શિબિર

દિવ્ય જીવન સંઘ ગાંધીનગર તથા શ્રી ગાયત્રી શક્તિપીઠ સંયુક્ત ઉપક્રમે તા. ૧લી જૂન થી ૧૦ જૂન સુધી ગાયત્રી શક્તિપીઠ સેકટર-૧ ખાતે સવારે ૭.૦૦થી ૮.૦૦ દરમ્યાન યોગ ધ્યાન શિબિરનું આયોજન કરેલ છે. યોગાસન, પ્રાણાયામ, ધ્યાન ઉપરાંત યોગ દ્વારા તણાવ નિયંત્રણ સાચુ શ્વસન બીમારીઓના ઉપચાર માટે તથા રોકવા માટેના પ્રાણાયમ, શારીરિક, માનસિક આરોગ્ય પ્રશિક્ષણ અપાશે. ૯૮૨૪૦ ૫૫૧૮૭૫૨ સંપર્ક જણાવેલ છે.

## રથયાત્રાના આયોજન માટે ૧ જૂનના રોજ બેઠક યોજાશે

ગાંધીનગર, તા. ૩૦

ગાંધીનગરમાં દર વર્ષે છેલ્લા ૨૯ વર્ષથી પરંપરાગત અષાઢી બીજના શુભદિને યોજાતી રથયાત્રા આ વર્ષે તા. ૨૯-૬-૨૦૧૪ના રોજ યોજાનાર છે. ૩૦મી રથયાત્રાના વ્યવસ્થાના ભાગરૂપે રથયાત્રાના સ્વયંસેવકો અને કાર્યકર્તાઓની એક બેઠક તા. ૧-૬-૨૦૧૪ના રોજ પંચદજેવ મંદિર ખાતે રાત્રે ૮.૦૦ કલાકે યોજાશે. રથયાત્રા સમિતિમાં મહામંત્રી દિનેશ કાપડીયા અને હિમાંશુ ભચેચની અખબાર યાદીમાં જણાવ્યા અનુસાર રથયાત્રાના સ્વયંસેવકો, કાર્યકર્તાઓ અને સામાજીક સંસ્થાના આગેવાનોને આ બેઠકમાં હાજર રહેવા જણાવાયું છે.



નગરમાં મુખ્ય રસ્તાઓ અને સેકટરોના આંતરિક માર્ગોનું સમારકામ ચાલી રહ્યું છે. ચોમાસું નજીકમાં હોવાને કારણે ઝડપી કામ ચાલી રહ્યું છે. (તસવીર : કશ્યપ નિમાવત)

# મહુડી રૂટમાં ૧૧૫૦ વૃક્ષો કાપવાની દરખાસ્તને આખરે વન વિભાગે મંજુરી આપી

### પેથાપુર - મહુડી માર્ગ ફોર લેન બનાવવાનું કામ હવે ગતિમાં આવશે : વૃક્ષો કાપવા માટે તંત્રએ રૂ. ૨૦ લાખ વળતર પેટે ચૂકવ્યા

ગાંધીનગર, તા. ૩૦

ગાંધીનગર-મહુડી માર્ગના ફોર લેનનું કામ શરુ કરી દેવાયું છે. જયારે છેલ્લા બે મહિનાથી આ કાર્ય યોજનાને લઈ વનવિભાગ કક્ષાએ વૃક્ષોને દુર કરવાની દરખાસ્ત પેન્ડીગ હતી. જેને હવે મંજૂરી આપી દેવાતા આ માર્ગને ફોર લેન કરવાનું કામ ગતિમાં આવશે. આ કામગીરી દરમિયાન રુટમાં આવતા ૧૧૫૦ જેટલા વૃક્ષો કાપવામાં આવશે. વૃક્ષોની કટોતી અન્વયે તંત્ર દ્વારા વનવિભાગને અંદાજીત રૂ.૨૦ લાખનું વળતર ચુકવવામાં આવ્યું છે.

ગાંધીનગર-મહુડી માર્ગને ફોર લેન બનાવવાનું કામ હાથ ધરવામાં આવ્યું છે. અગાઉ વર્ષો પૂર્વે આ માર્ગના વાઈડનીગનું કામ પણ હાથ ધરવામાં આવ્યું હતું. જયારે મહુડી માર્ગનો -વાસન પથમાં સમાવેશ થતા આ માર્ગને ચકાચક બનાવવા વિશેષ આયોજન હાથ ધરાયું છે. તંત્ર દ્વારા કરોડોના ખર્ચે -વાસન પથને ફોર લેન બનાવવાની કામગીરી શરુ કરી દેવાઈ છે. આ માર્ગને ફોર લેન બનાવવાની યોજના અન્વયે રૂટમાં આવતા સેંકડો વૃક્ષો કાપવા પડે તેવી સ્થિતિ હોવાથી તંત્ર માટે વનવિભાગ કક્ષાએથી મંજૂરી લેવાનું અનિવાર્ય બન્યું હતું. જેના અનુલક્ષી માર્ગ મકાન વિભાગ દ્વારા વૃક્ષો કાપવાની મંજૂરી અર્થે વનવિભાગને દરખાસ્ત કરવામાં આવી હતી. બીજી તરફ માર્ગને ફોર લેન બનાવવા -થમિક કામગીરી શરુ કરી દેવાઈ હતી. પરંતુ લાંબા સમયથી દરખાસ્તને મંજૂરી ન મળતા ફોર લેન બનાવવાની યોજનામાં વિશેષ ગતિ આવી શકતી ન હતી. બે મહિનાના લાંબા સમયગાળા બાદ વનવિભાગ કક્ષાએથી મંજૂરી આપી દેવાતા હવે આ કાર્ય યોજના અન્વયે ઝડપ આવશે. તંત્ર દ્વારા ૧૧૫૦ જેટલા વૃક્ષોની કટોતી માટે વનવિભાગને રૂ.૨૦ લાખનું વળતર પણ ચૂકવી દેવાયું છે. મહુડી યાત્રાધામમાં સતત ભાવિકોની ભીડ રહેતા આ માર્ગ પર છેલ્લા ઘણા સમયથી ટ્રાફિકનું ભારણ વધી ગયું છે. જેને ધ્યાને લઈ અકસ્માતોને ડામવા અને પવિત્ર યાત્રાધામના યાત્રિકોને ટ્રાફિકની દ્રષ્ટિએ સરળતા ઉપલબ્ધ થાય તે માટે મહુડી માર્ગને ફોર લેન બનાવવાનો નિર્ણય લેવાયો છે. જેના પરિણામે આગામી દિવસોમાં આ રુટ પરનો વાહનવ્યવહાર વધુ સરળ અને સલામત બનશે.

# ચિલોડામાં લાઈટબીલ ભરવામાં ગ્રાહકોને પારાવાર મુશ્કેલી

### કોમ્પ્યુટરાઈઝ્ડ હોવા છતાં પાવતી બનવામાં અનહદ વિલંબ : પતરાનો શેડ તુટેલો હોવાથી વૃદ્ધો ગરમીમાં શેકાય છે : બેસવા માટે અને પીવાના પાણીની પણ સગવડ ગ્રાહકો માટે નથી અને ઓફિસમાં પંખા વગર કર્મચારીઓ ફર્યા કરે છે

ચિલોડા, તા. ૩૦

ચિલોડામાં ઉત્તર ગુજરાત વિજકંપની દ્વારા બિલ કનેકશન કેન્દ્ર ઉપર એક જ બારી રખાતા અને તેમા પણ કોમ્પ્યુટરાઈઝ હોવા છતાં પાવતી બનાવવામાં ખૂબ જ મંદગતિએ કામ થતુ હોવાથી ગ્રાહકોની લાંબી કતારો લાગી જાય છે અને લોકોનો મહામુલો સમય વેડફાય છે. આ વિજબીલ કલેકશન કેન્દ્ર પર ગ્રાહકો માટે પાણી કે બેસવા માટેની પાયાની સગવડ પણ ના હોવાથી ઉંમરલાયક ગ્રાહકોની પરિસ્થિતિ શેકાઈને પણ ગ્રાહકોને લાઈનમાં ઉભા રહેવું પડે છે.



(તસવીર : નટુભાઈ પટેલ, ચિલોડા)

કફોડી થઈ રહી છે.

ઉત્તર ગુજરાત વિજ કંપની દ્વારા બિલ કનેક્શન માટે ચિલોડામાં એક જ બારી રાખવામાં આવી છે. જયારે અહીના વિસ્તારના લોકો મોટેભાગે આખરની તારીખોમાં જ બિલ ભરવા આવતા હોવાથી અહીં ખૂબ જ લાંબી લાઈનો લાગી જાય છે. વળી, આ કલેકશન સેન્ટર પરની છત જે પતરાંના શેડથી બનાવેલ હતી જે ઘણા સમયથી તુટી ગયેલી હોવાથી ઉનાળાના બળબળતા તાપમાં

આ કલેકશન કેન્દ્ર પર વૃદ્ધો કે મહિલાઓ માટે અલગ લાઈન કે બારીની વ્યવસ્થા તો નથી પરંતુ બેસવા માટેની પણ કોઈ વ્યવસ્થા નથી. અધુરામાં પુરૂ હોય તેમ વિજ કંપની દ્વારા આવા સખત ઉનાળાની ગરમીમાં પણ પીવાના પાણી જેવી પાયાની સગવડ પણ નથી કરાઈ. પતરાનો શેડ જે ઘણા સમયથી તુટેલો છે છતાં તેને રીપેર કરાતો નથી. જેથી ઉનાળા અને ચોમાસામાં બિલ ભરવા આવેલા ગ્રાહકોને કફોડી પરિસ્થિતિનો સામનો કરવો પડી રહ્યો છે. ગ્રાહકોને ગરમીમાં નજીકમાં આવેલ લીમડાના ઝાડનો સહારો લેવો પડી રહ્યો છે. પતરાના શેડમાં એક પણ પંખો નથી જયારે અંદરની ઓફિસમાં કર્મચારી હાજર હોય કે ના હોય બધા પંખા ધમધમાટ ફરતા જ હોય છે. આથી કર્મચારીઓને લીલાલહેર છે જયારે ગ્રાહકોને ખૂબ પરેશાની ભોગવવી પડી રહી છે.

ચિલોડામાં ગ્રામ્ય વિસ્તાર તેમજ ખેતી વિષયક જોડાણો હોવાથી બિલ ભરવાની આખર તારીખોમાં ખુબ લાંબી લાઈનો લાગે છે. આ સમયે બેસવા માટેની કે પીવાના પાણીની પણ સગવડ ના હોવાથી વૃદ્ધ ગ્રાહકોને લાંબા સમય સુધી લાઈનમાં ઉભુ રહેવુ પણ મુશ્કેલ છે. આટલુ પુરતુ ના હોય તેમ કેન્દ્ર કોમ્પ્યુટરાઈઝ્ડ હોવા છતાં પહોંચ બનાવવામાં ખૂબ જ વાર લાગે છે. જેના કારણે લાંબા સમય સુધી લાઈનમાં ઉભા રહેવુ પડે છે. લાઈનમાંથી નંબર ના જતો રહે તે બીકે વૃદ્ધો તેમની જગ્યા છોડીને પાણી પીવા દૂર જઈ શકતા નથી તેથી ઘણાને ચક્કર આવ્યાના પણ કિસ્સા બન્યા છે.

ઉત્તર ગુજરાત વિજ કંપની તરફથી આ બિલ કલેકશન કેન્દ્ર પર વધુ બારી રાખવામાં આવે અને મહિલા તેમજ વૃદ્ધો માટે અલગ લાઈનની વ્યવસ્થા કરાય તેમજ પતરાના શેડનું રીપેરીંગ તાત્કાલિક કરાવી સાથે પીવાના પાણી અને બેસવા માટેની સગવડ કરાય તેવી ગ્રાહકોમાં ઉગ્ર માંગ ઉઠવા પામી છે. ઓફિસમાં લાઈટો અને પંખાઓના બેફામ દુરુપયોગથી લીલાલહેર કરતા કર્મચારીઓ જો ગ્રાહકોના પ્રશ્નોનો ઉકેલ સત્વરે નહિ લાવે તો ગ્રાહકોનો રોષ ફાટી નિકળશે તેવું જણાઈ રહ્યું છે.

## માહિતી ખાતાના વર્ગ-૪ કર્મયોગી ખોડાજી ઠાકોરનો નિવૃત્તિ વિદાયમાન કાર્યક્રમ યોજાયો

ગાંધીનગર, તા. ૩૦

માહિતી ખાતામાં વર્ગ-૪ના કર્મયોગી તરીકે સતત ૩૬ વર્ષ સુધી સેવા આપનારા વર્ગ-૪ના કર્મચારી શ્રી ખોડાજી એ. ઠાકોરનો વય નિવૃત્તિ વિદાયમાન કાર્યક્રમ માહિતી પરિવાર વર્ગ-૪ કર્મચારી મંડળ દ્વારા યોજવામાં આવ્યો હતો. નાયબ માહિતી નિયામક (વ) શ્રી જી.એફ. પાંડોર, સહાયક માહિતી નિયામક (હિસાબ) શ્રી ગીરીશભાઈ મારૂ, સીનીયર સબ એડિટરશ્રી દિલીપભાઈ ગજ્જર, શ્રી વાય.કે. પરમાર, શ્રી જે.ડી. વાઘેલા, વર્ગ-૪ કર્મચારી મંડળના પ્રમુખશ્રી અશોક પ્રજાપતિ-મુખી અને શ્રી શંભુભાઈ દેસાઈ વિગેરેએ નિવૃત્ત થઈ રહેલા શ્રી કે.એ. ઠાકોરને અનેકવિધ શુભેચ્છાઓ પાઠવી હતી.

કે.એ. ઠાકોરનું મહેમાનોના હસ્તે ફૂલહાર, શ્રીફળ-સાકર આપી તથા શાલ ઓઢાડી સન્માન કરવામાં આવ્યું હતું. શ્રી આર.એમ. પટેલ અને શ્રી દેવલભાઈ પ્રજાપતિએ શ્રી કે.એ. ઠાકોરનું ભાવભીનું સન્માન-વિદાય કર્મચારીગણ વતી કર્યું હતું. સંચાલન શ્રી ભાનુભાઈ દવેએ કર્યું હતું. આ કાર્યક્રમમાં માહિતી પરિવારના વર્ગ-૪ના તમામ કર્મચારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# માણસાના લોદરા ગામ ખાતે કૃષિ મહોત્સવ યોજાયો

ગાંધીનગર, તા. ૩૦

માણસા તાલુકાના લોદરા ગામ ખાતે આજરોજ કૃષિ મહોત્સવનો કાર્યક્રમ યોજાયો હતો. ઉમદા આશયથી સમગ્ર રાજયમાં વર્ષ ૨૦૦૫થી કૃષિ મહોત્સવનો આરંભ કરવામાં આવ્યો હતો. ચાલુ વર્ષે રાજયમાં દસમો કૃષિ મહોત્સવ અને રોકડિયા પાક તરફ વળ્યા છે. તેમણે બાનસકાંઠા જિલ્લાના ખેડૂતોનું દષ્ટાંત આપી ઉપસ્થિત સર્વેને પોતાના ખેતરમાં ટપક સિંચાઈની મબલખ પાક મેળવી રહયાં છે. રાજયના ખેડૂતો વૈજ્ઞાનિક ઢબે ખેતી કરતા થતાં આજે રાજય બીજી કૃષિ ક્રાંતિ સર્જવાની વેટેનરી ઓફિસર શ્રી ડાં. એસ.આઈ.પટેલ સહિત અન્ય અધિકારીઓ દ્વારા કૃષિ અને પશુપાલન ક્ષેત્રે ધ્યાનમાં રાખવા આ કાર્યક્રમમાં માણસા તાલુકા પંચાયતના -મુખ શ્રી જાગૃતિબેન પટેલ, માણસા નગરપાલિકાના -મુખ શ્રી









આ કૃષિ મહોત્સવના કાર્યક્રમને સાંસદ શ્રીમતી જયશ્રીબેન પટેલે દીપ -ગટ્ય કરીને ખુલ્લો મુક્યો હતો. સાંસદ શ્રીમતી જયશ્રીબેને ગામમાં પધારેલા કૃષિરથ અને પશુ આરોગ્ય મેળાની મુલાકાત લીધી હતી. તેમણે ગ્રામજનો પાસે કૃષિ મહોત્સવ અંગેનો -તિભાવ પણ મેળવ્યો હતો.

આ -સંગે સાંસદ શ્રીમતી જયશ્રીબેન પટેલે જણાવ્યું હતું કે, ગુજરાતમાં કૃષિ ક્ષેત્રે ક્રાંતિ સર્જવાના યોજાઈ રહયો છે. વિકાસ શીલ ગુજરાતના સ્વપ્ન દષ્ટ્રા પુર્વ મુખ્ય મંત્રીશ્રી અને ભારત દેશના વડા-ધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના માર્ગદર્શન હેઠળ શરૂ થયેલા કૃષિ મહોત્સવ થકી આજે ગુજરાતનો કૃષિ વિકાસ દર ૧૧ ટકાને આંબી ગયો છે.

વધુમાં તેઓશ્રીએ જણાવ્યું હતું કે, છેલ્લા દાયકાથી ચાલી રહેલા કૃષિ મહોત્સવના કારણે આજે ગુજરાત રાજયના ખેડૂતો બાગાયત પધ્ધતિ અમલી બનાવવા ભાર પુર્વક જણાવ્યું હતું. ટપક સિંચાઈ પધ્ધતિથી પાણીની બચત સાથે પાકને થતાં ફાયદાની પણ વિસ્તૃત સમજ આપી હતી.

તેઓશ્રીએ કૃષિ મહોત્સવ થકી આજે ગુજરાતના અંતરિયાળ વિસ્તારમાં રહેતા ખેડૂતો ઘરેબેઠા પોતાને ખેતી કામમાં મૂંઝવતા -નો ઉકેલ તજજ્ઞો પાસેથી મેળવી રહ્યાં છે. જેના પરિણામે આજે ખેડુતો પોતાના ખેતરમાં ઓછી મહેનતથી આગેવાની લઈ રહ્યું છે. તે ઉપરાંત તેઓશ્રીએ સોઈલ હેલ્થ કાર્ડ, કિસાન ક્રેડિટ કાર્ડ, પશુ આરોગ્ય મેળા અને કૃષિ સંલગ્ન વિવિધ યોજનાઓની પણ વિસ્તૃત વાત કરી હતી.

આ -સંગે કૃષિ વૈજ્ઞાનિક શ્રી આર.આઈ.પટેલ, કૃષિના ટેકનીકલ ઓફિસર શ્રી ગોંવિદભાઈ ચૌધરી, મદદનીશ ખેતી અધિકારી શ્રી પી.આર. હડિયોલ, મદદનીશ ખેતી નિયામક શ્રી કે.આર. ચૌધરી, જેવી અનેક અવનવી વાતો કરી હતી. ખેડૂતોને મૂંઝવતા -ના વૈજ્ઞાનિક જવાબ આપીને ઉકેલ આપ્યા હતા.

ગામાં પધારેલા કૃષિ રથને ગ્રામજનોએ ઉત્સાહ પૂર્વક નિહાળ્યો હતો. કૃષિ રથ સાથે ખેડૂતોને ઉપયોગી થાય તેવી અનેક માહિતી પુસ્તિકાઓ આપવામાં આવી હતી. પશુ આરોગ્ય કેમ્પનો પણ ગામના પશુ પાલકોએ મોટી સંખ્યામાં લાભ લીધો હતો.

ગોંવિદભાઈ પટેલ, એ.પી.એમ.સીના ચેરમેન શ્રી વિષ્ણુભાઈ પટેલ, ૪૮ ગામ કડવા પાટીદાર સમાજના -મુખ શ્રી ડી.ડી.પટેલ, જિલ્લા પંચાયતના સદસ્ય શ્રી જયેશભાઈ, લોદરા ગામના મહિલા સરપંચ શ્રી મીનાબેન, ખેતી વિસ્તરણ અધિકારી શ્રી વિઠ્ઠલભાઈ -જાપતિ, ગ્રામ સેવક શ્રી નાગજીભાઈ દેસાઈ સહિત ગ્રામજનો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહયાં હતાં.

# આજે ગાંધીનગરમાં

## આજનો દિવસ

સૂર્યોદય : ૫.૫૬

સૂર્યાસ્ત : ૭.૧૮

## તાપમાન

મહત્તમ : ૪૩.૦ ડિ.સે.

લઘુત્તમ : ૨૭.૫ ડિ.સે.

## ભેજનું પ્રમાણ

સવારે ૫૫ ટકા ● સાંજે ૧૮ ટકા

## મનોરંજન

### સીટી પલ્સ

: સ્ક્રીન-૧ :

સીટીલાઈટ્સ : ૩.૦૦

હીરોપંતી : ૧૦.૦૦ (રાત્રે)

: સ્ક્રીન-૨ :

એક્સ મેન : ૪.૦૦, ૭.૦૦, ૧૦.૦૦

: સ્ક્રીન-૩ :

હીરોપંતી : ૧૦.૦૦

સીટીલાઈટ્સ: ૧૨.૪૫, ૩.૧૫, ૧૦.૧૫

કુકુ માથુર કી ઝન્ડ હો ગઈ : ૫.૪૫

કૌચડયાન ૨-ડી (તમિલ):૮.૦૦

: સ્ક્રીન-૪ :

સીટીલાઈટ્સ : ૧૦.૦૦

હીરોપંતી : ૧૨.૩૦, ૩.૩૦, ૬.૩૦, ૧૦.૦૦

: સ્ક્રીન-૫ :

કુકુ માથુર કી ઝન્ડ હો ગઈ : ૫.૪૫

સીટીલાઈટ્સ : ૬.૩૦

હીરોપંતી : ૧૦.૦૦

### સિને મેક્સ

: સ્ક્રીન-૧ :

એક્સ-મેન(૩-ડી, હિન્દી) : ૧૦.૧૫,૧.૧૫,૪.૧૫,૭.૧૫,૧૦.૧૫

: સ્ક્રીન-૨ :

હીરોપંતી : ૯.૦૦, ૧૨.૦૦

કુકુ માથુર કી ઝન્ડ હો ગઈ : ૩.૦૦, ૫.૩૦, ૧૦.૫૫

ગોડજીલા ૩-ડી (હિન્દી) : ૮.૦૦

: સ્ક્રીન-૩ :

કુકુ માથુર કી ઝન્ડ હો ગઈ : ૧૦.૩૦

હીરોપંતી : ૧.૩૦, ૪.૩૦, ૭.૩૦, ૧૦.૩૦

: સ્ક્રીન-૪ :

સીટીલાઈટ્સ : ૧૦.૪૫, ૧.૩૦, ૪.૧૫, ૭.૦૦, ૧૦.૦૦

### સૂર્યા સિનેમા (વાવોલ)

ઘાતક : ૧૨.૩૦, ૩.૩૦, ૯.૩૦

### મૂવી પ્લેક્સ, કલોલ

: સ્ક્રીન-૧ :

હીરોપંતી : ૧૦.૩૦, ૧.૩૦, ૪.૩૦, ૭.૩૦, ૧૦.૩૦

## આપની આજ

**મેષ** : પ્રેમ સંબંધોમાં સફળતા મળશે. સામાજિક જવાબદારીમાં વધારો થઈ શકે છે. વેપાર ક્ષેત્રે ભાગીદારીમાં સંભાળવું. વડીલોનું માર્ગદર્શન કાર્યક્ષેત્રે ઉપયોગી સાબિત થઈ શકે છે.

**વૃષભ** : ભાગ્યોદયની તક મળી શકે છે. વડીલોના આરોગ્યની ચિંતા હળવી બનતી જણાય. કુટુંબીજનો સાથે આનંદમયરીતે સમય પસાર થઈ શકે છે. સમય શુભ.

**મિથુન** : માનસિક શાંતિ જાળવી રાખવી. માનસિક શાંતિ જાળવી રાખવી. આર્થિક સ્થિતિમાં સુધારો થઈ શકે છે. વાહન - જમીન- મકાનની ખરીદી થઈ શકે છે. કૌટુંબિક પ્રશ્નોનું નિરાકરણ આવી શકે છે. સમય સાનુકૂળ.

**કર્ક** : સગા સંબંધીઓથી મુલાકાત થશે. ભૌતિક સુખ- સુવિધામાં વધારો થઈ શકે છે. આરોગ્યની સુખાકારી જળવાઈ રહે. સ્નેહીજનો- મિત્રો સાથે મુલાકાત થઈ શકે. સમય શુભ.

**સિંહ** : સામાજિક ક્ષેત્રોથી લાભ મળી શકશે. સામાજિક ક્ષેત્રોમાં ધાર્મિક કાર્યો વગેરેનો યોગ છે. વિદેશથી શુભ સમાચાર મળી શકે છે. વેપાર- વાણિજ્ય ક્ષેત્રે નવા રોકાણ થઈ શકે છે. નવા સંબંધ બની શકશે.

**કન્યા** : વિશેષ ઉન્નતિકારક યોગોને કારણે મન પ્રસન્ન રહેશે. આર્થિક મુશ્કેલીઓ દૂર થઈ શકે છે. આવક કરતાં ખર્ચ ન વધે તેની કાળજી રાખવી. સંતાન સંબંધી પ્રશ્નોના ઉકેલ આવી શકે છે. દિવસ શાંતિથી પસાર કરવો.

**તુલા** : કુટુંબમાં સારું વાતાવરણ મનને પ્રસન્નતા આપશે. નોકરી - વેપાર અર્થે થયેલો પ્રવાસ ફળદાયી નીવડી શકે છે. કૌટુંબીજનો સાથે યાત્રા- પ્રવાસનું આયોજન થઈ શકે છે. સમય શુભ.

**વૃશ્ચિક** : સામાજિક કાર્યોમાં સન્માન પ્રાપ્ત થશે. નોકરીમાં સ્થિતિ મજબૂત રહેશે. માનસિક ચિંતા હળવી બનતી જણાય. આરોગ્યની સુખાકારી જળવાઈ રહે. સ્નેહીજનો- મિત્રો સાથે મુલાકાત થઈ શકે. સમય શુભ.

**ધન** : વેપાર- વાણિજ્ય ક્ષેત્રે નવા રોકાણો થઈ શકે છે. ભાગ્યોદયની તક મળી શકે છે. વડીલોના આરોગ્યની ચિંતા હળવી બનતી જણાય.

**મકર** : તમારી વ્યવહાર કુશળતાથી વેપારમાં સફળતા પ્રાપ્ત કરીશકશો. સ્થાયી સંપતિ મળવાનો યોગ છે. સામાજિક જવાબદારી હળવી બનતી જણાય.

**કુંભ** : જીવનસાથી અને ભાગીદારોથી વિશેષ લાભ પ્રાપ્તિનો યોગ. વેપાર, કુટુંબમાં શુભકાર્યો થઈ શકશે. દિવસ આનંદમયરીતે પસાર થઈ શકે છે.

**મીન** : આવકના સ્ત્રોતમાં ભાગ્યવર્ધક વૃદ્ધિનો યોગ બની રહ્યો છે. કર્જ સંબંધી કાર્યોમાં લાભ, વિશેષ, ધાર્મિક મહત્વનાં કાર્યોમાં સમય પસાર થશે.

## ચિરવિદાય

- સ્વ. હર્ષદભાઈ નાગરદાસ શાહ (ઉ.વ. ૭૫) પ્લોટ નં. ૪૫૨/૨, સેકટર-૨/બી, ગાંધીનગર.
- સ્વ. લાલસિંહ પ્રતાપસિંહ રાણા (ઉ.વ. ૭૨) મુ.પો. ધણપ, તા., જિ. ગાંધીનગર.
- સ્વ. રામજી હરી કામલે (ઉ.વ. ૭૮) પ્લોટ નં. ૫૨૨/૨, સેકટર-૧૩/એ, ગાંધીનગર.
- સ્વ. દયાનીધી ઈન્દ્ર માજી (ઉ.વ. ૬૧) બ્લોક નં. ૩૫/૩, ૭-ટાઈપ, સેકટર-૨૨, ગાંધીનગર.
- સ્વ. ચતુરજી રેવાજી ઠાકોર (ઉ.વ. ૭૨)પ્લોટ નં. ૩૧૧, ગાયત્રી સોસાયટી, સેકટર-૨૭, ગાંધીનગર.